


સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### બુધ્ધિદાત્રે નમઃ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

કોઈ દિસ વિચાર કર્યો છે ? શેનો વિચાર વળી ! વિચાર એ કે કોઈ દિવસ ભગવાન રાજી થઈ જાય અને કહે કે માગ તો શું માગવું ? કેટલી કઠણ બાબત છે નહીં ! એમાં પણ બે જ વિકલ્પ આપ્યા હોય ત્યારે કેવું કઠણ પડે ! ભગવાન કહે કે હું તારા પર પ્રસન્ન થયો છું. અને તને આ બે માંથી એક વરદાન માગવાનું કહું છું. (૧) બુદ્ધિ (૨) ધન. વિચારી જુઓ કે કોઈ દિવસ આવો વિકલ્પ આવે ત્યારે આપણે કોને પસંદ કરીએ ? આવો દિવાળીના તહેવારોનો સમય નજીકમાં હોય ત્યારે આપણને તો થાય કે ધન જ માગી લઈએ અને નવા સારાં કપડાં ખરીદીએ, નવું ફર્નિચર વસાવી લઈએ, ગાડી લાવી દઈએ ને કેટલી બધી ખરીદી કરીએ. પણ આ વાત જાણીને પછી નક્કી કરીશું કે બે માંથી પ્રભુ પાસે શું માગવું.

વાત એમ છે કે વૈશાખ-જેઠ માસનો સમય હતો. દિવસે તો ગરમ પવન ફૂંકાય, બળતરા, ઉકળાટ થતો હોય આવા સમયે બધા લોકો રાત્રિની મુસાફરી વધુ પસંદ કરે. રાત્રિ બસો મોટા ભાગે પેક જાય. આવા સમયે એક સજ્જન અમદાવાદથી સુરત જતી બસમાં બેઠા. મુસાફરોથી ખીચોખચ ભરેલી બસ સુરતના રસ્તે ઉપડી. બસમાં બેઠેલા મુસાફરો એકબીજાની સાથે વાતો કરતા જાય. પરિચય કરતા જાય. કોઈ રાજાકરણનો મુદ્દો તો કોઈ કાંઈક. વાતવાતમાં મુદ્દો આવી ગયો. ચોરી-લૂંટફાટના વિષય ઉપર. બધા રસપૂર્વક પોતપોતાના મંતવ્યો રજુ કરવા માંડ્યા. કોઈ કહે, આવી આ રાતમાં કોઈ ચોરચકાર જો આવીને આપણી બસને આંતરે તો બધાએ પોતપોતાનું બધું દ્રવ્ય ગુમાવવાનો વારો આવે. ત્યાં તો એક અધિરીયો વચમાં જ બોલ્યો. તમને બધાને શું ખબર પડે, હું તો બહુ અનુભવી છું. આવી કોઈ બાબત બની જાય તો વાંધો ન આવે તેવા ઘણા ઉપાય મારી પાસે છે. આજે એમાનો એક ઉપાય મેં અજમાવીને રાખ્યો છે. બધા આશ્ચર્યચકિત નજરે આ ભાઈની સામું જોઈ રહ્યાં. એમણે જાકીટ પહેરેલું. તેમાં અંદરની બાજુ ૧૦,૦૦૦ રૂપિયા મુકીને તે કાપડથી સીવી દીધું હતું. તે બધાને બતાવવા લાગ્યા કે જોઈને મારી યુક્તિ ! જુઓ આમ પૈસા સાચવી શકાય.

પેલા સજ્જન આ બધી વાતો શાંતિથી પુરા ધ્યાનથી સાંભળતા હતા. પણ કાંઈ પણ બોલ્યા વિના અને શાંતિથી મુસાફરી કરી રહ્યા હતા. થોડીવાર થઈ અને બસ એકદમ ઉભી રહી. બધા જોવા માંડ્યા. શું હશે ? કેમ બસ ઉભી રહી? ત્યાં તો બે બંદુકધારી બસમાં ચઢ્યા ને બંદુક ધરીને બોલ્યા. સાવધાન ! તમારી પાસે જે કોઈ સામાન હોય તે અમને આપી દો, નહીં તો બધાને લૂંટી લઈશું અને મારી નાંખીશું. બધા ગભરાઈ ગયા હતા. શું કરવું તે કોઈને સૂઝ્યું નહી. ત્યાં તો આ સજ્જન બોલ્યા. જુઓ ભાઈ ! તમારે કેટલા રૂપિયાની ઈચ્છા છે ? જો હું તમને ૧૦,૦૦૦ રૂપિયા અપાવી દઉં તો કાંઈ વાંધો ખરો ? પેલા વિચારીને કહે, તો તો અમને કાંઈ વાંધો નહીં. પછી તો અમે જતા રહીશું. આ સજ્જને જેમણે કોટમાં દશ હજાર રૂપિયા સંતાડેલા તેમને બતાવી કહ્યું કે આ ભાઈ પાસે દશ હજાર રૂપિયા છે. પેલા ગુંડાઓએ દશ હજાર રૂપિયા લઈને ચાલતી પકડી. જેના રૂપિયા ગયા તે ભાઈ તો લાલપીળો થઈ ગયો. તમારે શું જરૂર હતી મારા પાસે આટલા રૂપિયા સંતાડેલા હતા તે

કહેવાની ! ત્યારે આ સજ્જન કહે, તમે ગભરાશો નહીં. તમારા ગયેલા દશ હજાર રૂપિયાને બદલે હું તમને પંદર હજાર રૂપિયા આપું છું. બસ.

બધા વિચાર કરવા લાગ્યા કે આ ભાઈ આવું કેમ કરી રહ્યા છે ? ચોર પાસે દશ હજાર રૂપિયા અપાવી દીધા અને પછી પોતે પંદર હજાર રૂપિયા આપે છે ? ત્યારે આ સજ્જને કહ્યું કે જુઓ વાત એમ છે કે મારી પાસે અત્યારે એક લાખ રૂપિયા સાથે છે. જો મેં આ ભાઈની બાતમી ન આપી હોત તો આખી બસના બધા પેસેન્જરોની પાસેથી પેલા લૂંટ કરીને જાત એમાં મારા એક લાખ રૂપિયા પણ જાત. આ વાત સાંભળી એટલે બધા મુસાફરો આ ભાઈની બુધ્ધિ અને સમય સૂચકતાનો વિચાર કરી ખુશ ખુશ થઈ ગયા.

મિત્રો ! ખ્યાલ આવ્યો ? જો આ સજ્જન વ્યક્તિ પાસે બુદ્ધિ હતી તો તે તેમની પાસેના ધનને સાચવી શક્યા. એ જો બુદ્ધિ ન હોત તો, આવી સમય સૂચકતા ન હોત તો બધું જ ધન જાત, હેરાનગતિ થાત. એમને એકને નહીં પણ બસમાં બેઠેલા તમામ મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડત. બસમાં કોઈની પાસે દાગીના હતા. કોઈની પાસે રૂપિયા હતા પરંતુ આ ભાઈએ પોતાની બુદ્ધિથી આખી બસ બચાવી લીધી. આવી બુદ્ધિમાં જ જ્ઞાનનો નિવાસ થાય છે.

માટે જીવનમાં જે વ્યક્તિ સુખી થવાની ઈચ્છા રાખતો હોય તેણે હંમેશા જ્ઞાન પ્રાપ્તિને મહત્વ આપવું જોઈએ. જીંદગીનો રસ્તો બહુ લાંબો છે. એમાં સદ્‌ગુણોની, સંસ્કારોની લૂંટફાટ કરવા વાળા ગમે ત્યારે ત્રાટકે ત્યારે શું કરવું ? એ સમયે જો સત્સંગરૂપી બુધ્ધિ આપણી પાસે હશે તો આપણા સદ્‌ગુણોને અને સંસ્કારોને આપણે બચાવી શકીશું. અને છેક અક્ષરધામ સુધી નિર્વિઘ્ને પહોંચી શકીશું.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું એક નામ છે ''બુધ્ધિ દાત્રે નમ:'' તો આવા આ નવા વર્ષે આપણી સદ્‌બુદ્ધિમાં વૃદ્ધિ થાય તેવી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સાથે સહુ વાચક મિત્રોને નૂતન વર્ષાભિનંદન સહ સહુને જય સ્વામિનારાયણ....

●

## સહજાનંદી સિંહ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સધવા નારીને ચાંદલો અને મંગલસૂત્ર ધારણ કરવામાં શરમ આવે તો કેવું ગણાય !

યોધ્ધાને હાથમાં હથિયાર રાખતાં શરમ આવે તો કેવું ગણાય !

રાજાને માથે મુગટ ધારણ કરવામાં શરમ આવે તો કેવું ગણાય !

તમે જ કહો, આ શોભે ખરૂ ? ના. તો પછી સત્સંગી હોય અને તેને તિલક-ચાંદલો કરવો ન ગમે કે તિલક-ચાંદલો કરતાં શરમ આવે તો તે સારૂં ગણાય ! ન જ ગણાય. આપણે જોતા હોઈએ કે ઘણા કહેતાં હોય છે કે અમારે ચાર પેઢીનો સત્સંગ છે કે પાંચ પેઢીનો સત્સંગ છે કે સ્વામિનારાયણ ભગવાન છતાંનો સત્સંગ અમારા પરિવારમાં છે. પણ આવું કહેનાર એ ભાઈનું માથું કોરૂ ધાકોર હોય તો સારૂં લાગે ? ન જ લાગે. તિલક-ચાંદલો તો સત્સંગીના સૌભાગ્યનું પ્રતિક છે. જો એ ધરતા શરમ આવે તો આપણે સત્સંગી શાના ?

કંઠી અને તિલક-ચાંદલા માટે કેવી ખૂમારી જોઈએ, કેવી નિષ્ઠા જોઈએ તે વાતને સમજવા બની ગયેલી એક સત્ય ઘટના વાંચીએ. કારણ કે ''હરિનો મારગ છે શુરાનો, નહીં કાયરનું કામ જોને'' એક યુવાન કોઈ સારા મિત્રના સંગથી સત્સંગી થયો. સત્સંગી કેવો ! ઢીલો પોચો નહી, નિષ્ઠામાં એકદમ મક્કમ. કોઈ મશ્કરી કરે તો તેને શૂરવિરતા પૂર્વક જવાબ આપી દેતો. પણ ખુમારી શિરસાટે રાખતો. પાડોશીઓ કેટલાંય સગાને તેની ઈર્ષ્યા આવતી. કારણ કે સત્સંગી થયા પછીથી તેના ઘરમાં સમૃદ્ધિ વધવા લાગી. બધા વિચારતા કે ગમે તેમ કરી તેને સત્સંગી મિટાવી દેવો. પણ બધા તકની રાહ જોવા લાગ્યા.

આ યુવાનના લગ્ન નક્કી થયા. જાનમાં આ બધા ઈર્ષ્યાળુ સગાઓ પણ સાથે હતા. કહેવાય છે ને - ''સગા હોય તે વ્હાલા ન હોય અને વ્હાલા હોય તો સગા ન હોય.'' ભલે આવા જે વ્હાલા હોય પણ વહેવાર માટે બધાને સાથે તો લેવા જ પડે ! આ બધા ઈર્ષ્યાળુઓએ વિચાર કર્યો કે અત્યારે તક સારી છે. તેમણે તો પ્લાન ઘડી નાંખ્યો. આ બાજુ લગ્ન સ્થળે જાન આવી પહોંચી. દીકરીના પિતાએ

દબદબાપૂર્વક જાનૈયાઓનું સ્વાગત કર્યું. ગામની નિશાળમાં જાનને ઉતારા અપાયેલા. બધાને જમાડ્યા. એ જમાનો હતો કે બે-ત્રણ દિવસ લગ્ન ચાલતા. લગ્નવિધિ રાત્રે હતો એટલે બધા બપોરે જમીને નવરા પડેલા.

જુવાનીયાઓ તેમના તાનમાં અલકમલકની વાતો કરતા હતા. બાળકો રમવા માંડ્યા હતા. તેવામાં પેલા ઈર્ષ્યાળુ સગાઓએ લાગ જોઈ દીકરીના પિતાનો સંપર્ક કર્યો. જ્યારે આ લોકો કન્યાના પિતા સાતે વાતો કરતા હતા તે આ યુવાને પોતાના ઉતારાની બારીમાંથી જોયું હતું. થોડીવાર પછી ગોઠવેલા પ્લાન મુજબ આ યુવાનના સસરા તથા તેમના સગા આ યુવાન પાસે આવ્યા. અને વાત શરૂ કરી - ‘‘અમારી ઈચ્છા છે કે તમે કંઠી ને તિલક-ચાંદલો કાઢી નાંખો ને સત્સંગી મટી જાવ તો સારૂં. અને તમે જો નહીં માનો તો અમારે કાંઈક વિચારવું પડશે.’’ આમને બધાને એમ હતું કે આવું કહીશું તો યુવાન ગભરાઈ જશે પણ આ યુવાન પણ અલગ માટીનો હતો. તેણે તો તરત જ જવાબ આપી દીધો. ‘‘આપને જે વિચાર કરવો હોય તે કરી શકો છો પણ આ કંઠીને તિલક-ચાંદલાની વાત નહી કરી શકો. સત્સંગ તો માટે શિર સાટે છે.’’

યુવાનના મુખે આવો મક્કમતા ભર્યો જવાબ સાંભળીને સસરા (કન્યાના પિતા) તો સડાક થઈ ગયા. બીજા સગાઓને થયું કે મામલો વધું બગડશે તો આવો સારો યુવાન હાથમાંથી જશે. એટલે સમાધાન માટેની વાત કરવા લાગ્યા - ‘‘તમે એમ કરો આ કંઠી-ચાંદલો કાઢી નાંખો. લગ્ન કરીને ઘરે જાવ પછી પહેરી લેજો. એટલે તમારી વાત પણ રહેને અમારી વાત પણ રહે.’’ પણ વરરાજાએ તો રોકડું પરખાવી દીધું - ‘‘કંઠીને તિલક-ચાંદલો મુકાવે એવાં લગ્ન મારે કરવા જ નથી. હું લગ્ન કર્યા વિના જ પાછો વળી જવા તૈયાર છું.

વરરાજાના મુખે આવી મક્કમતા અને નિષ્ઠા ભરેલા શબ્દો સાંભળી સસરાજીના તો પગ ધ્રૂજવા લાગ્યા. હવે શું કરવું ? આ લોકોની વાતમાં ન આવ્યો હોત તો સારૂં હતું. તેવું વિચારવા લાગ્યા. પણ હવે તો કાંઈ કરવું જ તેવું વિચારી સસરા કહેવા લાગ્યા કે - ‘‘છેવટે અમારી આટલી વાત રાખો. તમારે લગ્ન મંડપમાં એટલું કહેવાનું કે ભલે હું આ કંઠીને તિલક-ચાંદલો કરૂં છું પણ હું સત્સંગી નથી.’’ આ યુવાને મનોમન વિચારી જવાબ આપ્યો કે - ‘‘સારૂં એ વખતે વાત.’’ આટલું સાંભળતા કન્યાના પિતા અને યુવાનના ઈર્ષ્યાળુ સગાઓ વિચારવા લાગ્યા કે ચાલો આપણું કામ થઈ જશે. યુવાન ઢીલો પડી ગયો છે.

લગ્નનું મુહૂર્ત શરૂ થયું. વરરાજા કંઠી અને તિલક ચાંદલો કરી વટ સાથે લગ્ન મંડપમાં બેઠા. લગ્ન વિધિ એક પછી એક એમ આગળ વધવા લાગ્યો. પેલી વાત થયેલી તે મુજબ સસરા જમાઈ પાસે આવીને પૂછવા લાગ્યા - ‘‘તમે સત્સંગી છો ?’’ આ યુવાન કહે છે, એમ કરો મારા સાસુને અહીં બોલાવો. સાસુ આવ્યા એટલે આ યુવાને સાસુને કહ્યું - ‘‘તમે એમ કહો કે ભલે મેં આ મંગળસૂત્ર પહેર્યું, ચાંદલો કર્યો પણ આ મારા પતિ નથી. પછી હું વિચારૂં મારે શું જવાબ આપવો. આટલું સાંભળતા તો સાસુને સસરાને બીજા માંડવીયા તો છોભીલા પડી ગયા. કન્યાની માતા તેમના પતિને કહેવા લાગ્યા કે તમને આવું કરવાની શું જરૂર છે, મુકો પંચાતને વિધિ આગળ ચલાવો.

ધામધૂમથી કન્યાનો હાથ વરરાજાના હાથમાં સોંપાયો. અને રંગે ચંગે લગ્ન વિધિ સંપન્ન થયો. આખરે આ યુવાનની નિષ્ઠાનો વિજય થયો.

વાચકમિત્રો ! વાંચી વાત ? આનું નામ કહેવાય શૂરવીરતા ! આ કહેવાય સાચો સત્સંગી ! લગ્ન ફોક કરવા તૈયાર થયો પણ કંઠીને તિલક ચાંદલો ન છોડ્યા. આને કહેવાય સાચો ‘‘સહજાનંદી સિંહ’’ આ વાત ઉપરથી એટલું તો નક્કી કરજો કે જે કંઠી કે તિલક-ચાંદલો ધારણ કરવામાં શરમ અનુભવતા હો તો આ નવા વર્ષથી દઢ નિયમ લઈ લેજો કે આ જીવન રહે ત્યાં સુધી આ કંઠી અને તિલક-ચાંદલો દ્રઢતાથી પુરી નિષ્ઠાથી કરીશું તો આ નવું વર્ષ આપણા માટે સાચે જ સુવર્ણમય બની રહેશે.

સૌ વાચક મિત્રો આ વાતને જરૂરથી અનુસરી નિષ્ઠાવાન, સાચા સહજાનંદી સિંહ બની રહે તેવી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સાથે સત્સંગ બાલ વાટિકાના સર્વે વાચકમિત્રોને નૂતન વર્ષાભિનંદન સહ ભાવથી જય સ્વામિનારાયણ.